NAVSARI AGRICULTURAL UNIVERSITY

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

# પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળના તમામ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ કેન્દ્રો/વિભાગોના વડાઓને જણાવવાનું કે, ગુજરાત રાજયની ખેતી અને ખેડૂત સમુદાયના ઉત્કર્ષ માટે સંદેશ દૈનિક સમાચારપત્ર દ્વારા દર અઠવાડિયે "એગ્રો સંદેશ" નામની ૨૪ પાનાની પૂર્તિ બહાર પાડવામાં આવે છે. આ પૂર્તિમાં સાદી અને સરળ ભાષામાં નવીન કૃષિ ટેકનોલોજીને પ્રસિધ્ધ કરવામાં આવે છે જેથી રાજયના છેવાડાના ગામડાંઓમાં વસતાં ખેડૂતોને કૃષિક્ષેત્રે થતાં અવનવા સંશોધનો અને કૃષિ વિકાસની માહિતી ઘેર બેઠા સહજ સુલભ બને છે.

સંદેશ સમાચારપત્રની ઉપરોકત ખેડૂતોપયોગી કામગીરીને ધ્યાને લઈને મા.કુલપતિશ્રી, નવસારીના અધ્યક્ષપદે યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ તેમ જ સંદેશ કાર્યાલય, અમદાવાદના એકઝીકયુટીવ ડાયરેકટર શ્રી કૃષ્ણકાંત ઉનડકટ અને સંદેશ કાર્યાલય, નવસારીના બ્યુરો ચીફ શ્રી વાસુદેવ ઠાકરની ઉપસ્થિતીમાં તા.૨૫/૦૬/૨૦૧૨ના રોજ નકૃયુ, નવસારી ખાતે એક બેઠક રાખવામાં આવેલ હતી. બેઠકમાં "એગ્રો સંદેશ"ને કૃષિમાહિતીના પરિપેક્ષ્યમાં તાંત્રિક રીતે વધુ સુદૃઢ અને ખેડૂતાભિમુખ બનાવવા માટે ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબ નિર્ણયો લેવામાં આવેલ હતા.

૧. દક્ષિણ ગુજરાતના મુખ્ય પાકો, બાગાયતી પાકો, પશુપાલન, કૃષિ યંત્રો અને ખેત ઓજારો, મત્સ્યપાલન, કૃષિ બજાર વ્યવસ્થા, ફળ/ફૂલમાં પરિરક્ષણ, મૂલ્યવર્ધન વિ. કૃષિ સબંધિત તમામ વિષયોની નવિનત્તમ જાણકારી "એગ્રો સંદેશ" પૂર્તિમાં પ્રસિધ્ધિ માટે મોકલી શકાશે.

૨. ઉત્કૃષ્ટ ખેતી કરતાં ખેડૂતોની સાફલ્ય ગાથા, સફળ ખેતી અંગે સફળ ખેડૂતોના સ્વાનુભવો, પ્રગતિશીલ ખેડૂતોએ ખેતીમાં કરેલ નવિન પહેલ વિ. બાબતો પણ "એગ્રો સંદેશ" પૂર્તિમાં પ્રસિધ્ધિ માટે મોકલી શકાશે.

૩. મુખ્યપાકોની ખેતી પધ્ધતિ, રોગ–જીવાતનો ઉપદ્રવ અને પાક સંરક્ષણના પગલાં અંગેની માહિતી પૂર્તિમાં સમયસર છપાય અને ખેડૂતોને જરૂરના સમયે ઉપયોગી બની રહે તે બાબતને ધ્યાને લઈને જે તે સબંધિત વૈજ્ઞાનિકશ્રીએ તેમના વિષયોની સમયબધ્ધ તબકકાવાર માહિતી બારોબાર krishnkant.unadkat@sandesh.com અને/અથવા kkantu@gmail.com ઈ–મેઈલ એડ્રેસ પર આ કચેરીની જાણ હેઠળ મોકલી આપવી.

૪. ઉપર સિવાયના તમામ વિષયોના લેખ નીચે સહી કરનારની કચેરીમાં dee@nau.in ઈ–મેઈલ એડ્રેસ પર મોકલી આપવાના રહેશે.

૫. યુનિવર્સિટી દ્વારા અવારનવાર યોજવામાં આવતા ખેડૂતોપયોગી કૃષિમેળા, સેમિનાર, વર્કશોપ, પરિસંવાદો વિ.ની ખેડૂત સમુદાયમાં બહોળી પ્રસિધ્ધી થાય તે માટે આયોજન કરનાર વિભાગે (વિનામૂલ્યે જાહેરાતના સ્વરૂપે) માહિતી બારોબાર ઉપર દર્શાવેલ ઈ–મેઈલના સરનામે આ કચેરીની જાણ હેઠળ મોકલી આપવી.

૬. માહિતી/લેખ મોકલનાર વૈજ્ઞાનિકે તેઓના કેન્દ્ર/વિભાગના વડા પાસે લેખની વિષયવસ્તુ/વૈજ્ઞાનિક તથ્યોની બરાબર ચકાસણી કરાવીને જ "એગ્રો સંદેશ" પૂર્તિમાં સાર્વત્રિક પ્રસિધ્ધી માટે મોકલવાની પ્રથા અપનાવવી.

૭. માહિતી/લેખ મોકલનાર વૈજ્ઞાનિકે લેખના મથાળે તેઓનું નામ, હોદ્દો, વિભાગ, મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસની વિગત અવશ્ય દર્શાવવાની રહેશે. પસંદગી પામેલ લેખના લેખકને પ્રકાશક તરફથી "એગ્રો સંદેશ" પૂર્તિની એક નકલ વિનામૂલ્યે મોકલી આપવામાં આવશે.

૮. સંદેશ દૈનિકની સુરત આવૃત્તિમાં કૃષિ વિષયક પ્રેસનોટ આપવા માટે નવસારીના બ્યુરો ચીફ શ્રી વાસુદેવ ઠાકર, ૧૧, જે.એન. શોપિંગ સેન્ટર, દુધિયા તળાવ લેઈન, નવસારી ઈ–મેઈલઃ vasudevthakar@yahoo.com મો.નં. ૯૨૨૭૯૮૫૨૪૪, ૮૮૬૬૬૩૬૨૦૨ નો સંપર્ક કરવો.

૯. લેખ મોકલવાનું સરનામું : શ્રી કૃષ્ણકાંત ઉનડકટ, એકઝીકયુટીવ ડાયરેકટર, ધી સંદેશ લિમીટેડ, "સંદેશ ભવન", લાડ સોસાયટી રોડ, બોડકદેવ, અમદાવાદ–૩૮૦૦૫૪, ફોનઃ ૦૭૯–૪૦૦૦૪૦૦૦, ૪૦૦૦૪૧૫૪ મો.નં. ૯૮૨૫૦૬૧૭૮૭

ઉપરોકત પરિપત્ર મા.કુલપતિશ્રીની સૂચનાનુસાર યુનિવર્સિટીના હિતમાં બહાર પાડવામાં આવે છે.

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/૫૪૨૨–૩૬/૨૦૧૨
નવસારી તા. ૨૯/૦૬/૨૦૧૨

**વિસ્તરણ શિક્ષણ નિયામક**